# ગુજરાતમાં પણ હવામાનમાં ફેરફારો નોંધાવાની શરૂઆત

## આગામી વર્ષોમાં ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ કાશ્મીર જેટલું વધશે અને એક તબક્કે બરફવર્ષા પણ સામાન્ય થઈ જશે

અમદાવાદ, તા.૨૬

ગ્લોબલ વોર્મિંગની અસરોને કારણે હિમાલયમાં દર વર્ષે ૧૦૦ ચોરસકિલોમીટર ગ્લેશિયરનો વિસ્તાર ઓગળી રહ્યો છે. બીજી તરફ તેના અસર એટલે કે ક્લાયમેન્ટ ચેન્જને કારણે ગુજરાતમાં પણ વાતાવરણમાં ફેરફારો જોવા મળે છે અને તાજેતરમાં જ ચોમાસા પહેલા દિવસો સુધી કમોસમી વરસાદ રહ્યો હતો અને હવે ગુજરાતમાં ઠંડીના જાનહાનિ થાય તો ગુજરાત સરકાર દ્વારા રાહત અને સહાય આપવાનો જે નિર્ણય કરાયો છે તે ક્લાયમેન્ટ ચેન્જની અસર છે.

સુત્રોએ કહ્યું કે એવા અનુમાનો અને આગાહીઓ થાય છે કે ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ કાશ્મીર જેટલું વધશે અને એક તબક્કે બરફવર્ષા પણ સામાન્ય થઈ જશે. દરવર્ષે ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે અને ભૂજના નલિયામાં તો લગભગ શુન્ય ડિગ્રી સુધી તાપમાન થઈ જાય છે ગુજરાતની નજીક આવેલા ગીરીમથક આબુમાં તો છેલ્લા કેટલાક વર્ષોથી દરશિયાળામાં નખી તળાવ થીજીને બરફમાં ફેરવાઈ જાય છે અને તેની ઉપર બાળકો રમત રમતાં હોય છે ક્લાયમેન્ટ ચેન્જને કારણે થતાં ફેરફારોની સરકારે પણ નોંધ લઈને સહાયના ધોરણો નક્કી કર્યા છે.

અત્યાર સુધી ભારે પૂર વરસાદ, વાવાઝોડું, ભૂંકપ વગેરેમાં જાનહાનિ થાય તો રોકડસહાય અને અન્ય રાહતો મળતી હતી. પરંતુ હવે ઠંડીના પ્રકોપથી જાનહાનિ થાય તો પણ સહાય આપવાનો નિર્ણય ગુજરાત સરકારે કર્યો છે તે એ બાબતનો પુરાવો છે કે સરકાર પર માની રહી છે ક્લાયમેનેટ ચેન્જની અસરો વર્તાઈ રહી છે.

# શિયાળાના લીધે શાળાઓના સમયપત્રકમાં ફેરફાર

## શિક્ષણ બોર્ડના નિર્ણયને વાલીઓ અને શાળાના આચાર્યોએ આવકાર્યો : બાળકોને વહેલીસવારે શાળાએ જવાથી રાહત

અમદાવાદ, તા.૨૬

શિયાળાની ઋતુ શરૂ થતા જ શહેરની પ્રાથમિક શાળાઓમાં જતા વિદ્યાર્થીઓના વાલીઓ ચિંતામાં મુકાઈ ગયા હતા. તેમાં ખાસ કરીને વહેલી સવારે ઉઘડતી શાળાઓમાં વિદ્યાર્થીઓ જવા માટે તકલીફ પડે તેવી શકયતા હતી. જેને ધ્યાનમાં રાખી શિક્ષણ બોર્ડ દ્વારા શાળાના સમયપત્રમાં ફેરફાર કરવામાં આવ્યા છે જેના કારણે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદમાં અનેક શાળાઓ સવારનો સમય ધરાવે છે.

સવારે સાત વાગ્યે શરૂ થતી આવી શાળાઓમાં શિયાળાની ઋતુ દરમિયાન વહેલી સવારે અંધારુ હોવાથી વિદ્યાર્થીઓને શાળાએ જવામાં તકલીફ પડતી હોય છે તેમાંય નાના બાળકોને વધુ તકલીફ પડતી હોય છે ત્યારે શહેરના વાલીઓ દ્વારા શાળાઓનો સમય થોડો મોડો કરવામાં આવે તેવી માંગ કરાઈ રહી હતી. વાલીઓની આ માંગણીને ધ્યાનમાં રાખી શિક્ષણ બોર્ડ દ્વારા શાળાઓના સમયપત્રકમાં ફેરફાર કરી સવારની શાળાઓનો સમય થોડો મોડો કરતા વિદ્યાર્થીઓને અને વાલીઓને આ તકલીફમાં રાહત મળી છે.

પહેલા ધોરણ થી ૧૨માં ધોરણ સુધીની જે શાળો સવારે ૭.૪૫ કલાકે ખુલતી હતી તેમનો સમય ૮.૩૦ કલાક કરી દેવામાં આવ્યો છે. શાળાના આચાર્યોએ પણ શિયાળાની ઋતુને ધ્યાનમાં રાખી શાળાના સમયપત્રકમાં કરવામાં આવેલા ફેરફારોને આવશ્યક ગણાવ્યા હતા કારણ કે શિયાળામાં વહેલી સવારે અંધારાની સાથે ઠંડી પણ હોય છે. બીજી બાજુ શાળાએ આવતા વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને પણ આ નિર્ણય જરૂરી છે.

આ અંગે વાલીઓએ જણાવ્યુ હતુકે સમયમાં ફેરફાર કરવો ખૂબ જરૂરી છે કારણ કે આ સમયે સેફ્ટીનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. ગુજરાત બોર્ડ દ્વારા તમામ સ્કૂલોનો સવારે ૭.૩૦ કલાકનો સમય રાખ્યો હતો જેના કારણે અંધારામાં શાળાએ જવા બહુ તકલીફ પડતી હતી ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા શાળાના સમયમાં જે ફેરફાર કરવામાં આવ્યા છે તે આવકાર્ય છે. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓ અને વાલીઓની માંગણીઓને ધ્યાનમાં રાખી શિક્ષણ બોર્ડ દ્વારા વહેલી સવારની શાળાનો સમય ૮.૩૦ કલાક અને કેજીનો સમય ૯.૦૦ કલાક કરી દેવામાં આવ્યો છે.



### સ્વામિનારાયણ સંસ્થા મણીનગર દ્વારા રાહત સામગ્રી કીટ વિતરણ કરાઈ

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણીનગર દ્વારા પંચમહાલ જિલ્લાના સીમલેટ ગામે શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીના મહંત સદ્‌ગુરૂશ્રી ભગવત પ્રિયદાસ સ્વામી દ્વારા જીવન જરૂરિયાતની વસ્તુઓ, દાળ, ચોખા, વાસણ, ઠંડીમાં રક્ષણ મળી રહે તે માટે, ધાબળા, સાબુ, બાળકો માટે બિસ્કીટ, ચોકલેટ, વેફર્સ જેવી ચીજોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

## સી.સી.કા.ની માસિક બેઠક અને સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૬

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક બેઠક અને સ્નેહમિલન સમારોહ તા. ૨૮ નવેમ્બર ગુરુવાર સાંજે ૪-૦૦ કલાકે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સે-૭ ખાતે યોજવામાં આવશે. જેમાં કાઉન્સિલના સભ્યોએ હાજર રહેવા મંત્રી એમ.એમ. શાહે જણાવ્યું છે.

## પ્રાંતિજમાં મેલડીમાતાના મંદિરે ભૈરવકથા અને મહાપૂજા યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજ ખાતે પ્રાચીન મેલડી માતાના મંદિરે ભૈરવદાદા જયંતિ નિમિત્તે પૂજા અર્ચના તેમજ હોમ હવન પ્રસંગે મેલડી માતા ઉત્થાન સમિતિ દ્વારા ગરીબો અને માનસિક રીતે અસ્વસ્થોને ગરમ ધાબળા, વસ્ત્રો અને મીઠાનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે યોજાયેલી ભૈરવકથામાં ઉત્તર ગુજરાત અને અમદાવાદના અસંખ્ય માઈભક્તોએ હાજરી આપી પૂ. માડી તરીકે જાણીતા પંકજભાઈ રાવલના ઉદ્‌બોધનો સાંભળ્યા હતા અને રામ રોટી, કુતરા, કબૂતર અને માવતર સેવાના મૂલ્યો વિશે જાણકારી મેળવી હતી.

# રણોત્સવમાં તંત્ર દ્વારા પ્રવાસી પાસે ઉઘાડી લૂંટ ચલાવાય છે

ભુજ,તા. ૨૬

કચ્છના ઘોરડો રણમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આયોજિત રણોત્સવ માટે સરકારે વ્યક્તિદીઠ ૧૬ હજાર જેટલો ભાવ રાખતા પ્રવાસીઓમાં રણોત્સવ પ્રત્યેનું આકર્ષણ ઘટ્યું છે. તેમાંય વળી પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી રણોત્સવનું આયોજન થઈ રહ્યું હોવાથી દરેક સેવાઓ ચાર્જેબલ કરી દેવાઈ છે. જેથી પ્રાઈવેટ કંપનીઓ દ્વારા પ્રવાસીઓની ઊઘાડી લૂંટ કરાવવામાં આવે છે. જેના કારણે આ વર્ષે સફેદ રણનો કરીશ્મા માણવા આવનાર પ્રવાસીઓ ટેક છોડી ઘોરડો વોડકોની પ્રાઈવેટ હોટલો તરફ આકર્ષાયા છે. પરિણામે અહીંના તમામ રિસોર્ટોમાં બે મહિનાના એડવાન્સ બુકીંગ પૂરા થઈ ગયા છે. ઘોરડોની ગેટ વે ટુ રન હોટલ તેમજ શામ-એ-સરહદ વિલેજ રિસોર્ટમાં પણ પ્રવાસીઓ એક-બે દિવસની બુકીંગ કરાવીને રજા માણવાનું આયોજન કરી રહ્યા છે.

પ્રવાસીઓના ધસારાના કારણે રિસોર્ટોના ભાડા પણ વધી ગયા છે. તેમ છતાંએક રૂમના પાંચથી છ હજાર સુધીના ભાડા ચૂકવીનેપ્રવાસીઓ રૂમ બુક કરાવી રહ્યા છે. કારણ કે એક રૂમમાં સરળતાથી બે વ્યક્તિઓ રહી શકે તેવી વ્યવસ્થા છે. અન્ય વ્યક્તિઓ માટે પણ રૂમમાં વધુ નાણાંચૂકવી એક્સ્ટ્રા બેડનુંઆયોજન કરી શકાય છે. આ બાબતે ધોડાના સરપંચ મીયા હુસૈને જણાવ્યું હતું કે પ્રાઈવેટ રિસોર્ટના એડવાન્સ બુકીંગ હાઉસફુલ થઈ ચૂક્યા છે.

વધુમાં તેમને તાજેતરમાં દિવાળીની રજાઓ સમયે પણ ઘોરડો ગામ સાર્વાસન વિકાસ ટ્રસ્ટ સંચાલિત ગેટવે ટુ રણ રિસોર્ટ હાઉસ ફૂલ હોવાનું જણાવ્યું હતું અને રણોત્સવમાં પણ છેલ્લા બે વર્ષથી સાનુકૂળ પ્રતિસાદ મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા યોજાતા રણોત્સવમાં પ્રવાસીઓ અને એજન્સીઓ દ્વારા ઊઘાડી લૂંટ થતી હોવાની ફરિયાદો થઈ રહી છે ત્યારે ધોડોના પ્રાઈવેટ રિસોર્ટો દ્વારા તેનાથી અડધા ભાવમાં રહેવાની સગવડ આપવામાં આવે છે જેના કારણે પ્રવાસીઓરણોત્સવમાં ટેગ છોડી ધોડોના પ્રાઈવેટ રિસોર્ટો તરફ આકર્ષાયા છે.



પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવની અધ્યક્ષતા હેઠળ શહેરના પૂર્વ પોલિસ મથકે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક દરબારમાં શહેરના અગ્રણી નાગરિકો સહિત રાજકીય અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા. પોલીસ અને પ્રજા વચ્ચે સેતુ બંધાય અને મિત્રતા કેળવાય તે આશયથી આ લોક દરબારનું આયોજન કરાયું હતું. શહેરના અગ્રણીઓ દ્વારા પાલનપુરમાં ટ્રાફિકની સળગતી સમસ્યા અંગે ઉગ્ર રજૂઆત કરાઈ હતી. લાયસન્સ વગર શહેરમાં બેફામ ટુ વ્હીલર હંકારતા સગીર ચાલકો અને આડેધડ કરાતા પાર્કિંગને નાથવા રજૂઆત કરાઈ હતી તેમજ શેરી મહોલ્લાઓ આગળ પાનના ગલ્લા લગાવતા લુખ્ખા તત્વો પર આંખ લાલ કરવા માંગણી કરાઈ હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ઈટાલિયન ડેલીગેશનની મોદી સાથે ફળદાયી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ઈટાલીથી ગુજરાતના પ્રવાસે આવેલા ઈટાલીના રાજદૂત ડેનિયલ માનકીનીના નેતૃત્વમાં આવેલા બિઝનેસ ડેલીગેશને આજે સૌજન્ય મુલાકાત લીધી હતી અને ગુજરાત સાથે વધુ વ્યાપક ફલક ઉપર સંબંધો અને સહભાગીતા વિકસાવવાની તત્પરતા સાથે પરામર્શ કર્યો હતો. ઈટાલીના રાજદૂત ડી. માનકિનીએ મુખ્યમંત્રી સમક્ષ જણાવ્યું હતું કે ઈટાલી, ગુજરાત અગ્રીમ યાદીમાં ઈચ્છે છે અને અમે અહીં આવ્યા છીએ અને તમારી સાથે પ્રગતિમાં જોડાઈશું. નરેન્દ્ર મોદી સાથેની વ્યક્તિગત મુલાકાતમાં, ઈટાલીની વરિષ્ઠ કંપનીઓના ડેલીગેશન સાથે આવેલા રાજદૂતે એમ પણ જણાવ્યું હતું કે વાઈબ્રન્ટ ગુજરાતનો સાચા અર્થમાં સાક્ષાત્કાર થઈ રહ્યો છે. ઈટાલીના ડેલીગેશન સાથેની આ બેઠકમાં ઈટાલીની વિવિધ કંપનીઓના પદાધિકારીઓએ ગુજરાત સાથે ગ્રીન ટેકનોલોજી ઈન કન્સ્ટ્રક્શન સેક્ટર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કન્સ્ટ્રક્શન, લોજીસ્ટીક પાર્ટનરશીપ, સીરામિક્સ સ્મોલ સીટી કન્સેપ્ટ ઈન ઈન્ડિસ્ટ્રીઅલ કલસ્ટર્સ અને એગ્રો બિઝનેસ સહિતના ક્ષેત્રોમાં સહભાગીતા અને રોકાણની તત્પરતા દાખવી હતી. યુનિવર્સિટી-નોલેજ પાર્ટનરશીપ અને ટેકનોલોજીકલ સપોર્ટ માટે પણ ઈટાલીના ડેલીગેશને ફળદાયી પરામર્શ કર્યો હતો.

# પ્રદેશ કોંગ્રેસનો જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો

## આણંદ જિલ્લા કોંગ્રેસની આમંત્રણની પત્રિકામાં માત્ર શંકરસિંહ અને દિનશાનું જ નામ : પ્રદેશ પ્રમુખની બાદબાકી


અમદાવાદ, તા.૨૬

ગુજરાત કોંગ્રેસમાં જૂથવાદ ન હોવાનું રટણ પ્રદેશ નેતાઓ કરી રહ્યા છે, પરંતુ આણંદ જિલ્લા કોંગ્રેસે મંગળવારે યોજેલા સ્નેહમિલન કાર્યક્રમો આંતરિક ખટરાગ અને પક્ષાપક્ષીને ખુલ્લો પાડી દીધો છે.

સ્નેહમિલન કાર્યક્રમ માટે આણંદ જિલ્લા કોંગ્રેસે છપાવેલી આમંત્રણ પત્રિકામાં માત્ર શંકરસિંહ વાઘેલા અને દિનશા પટેલના નામ જ મુકવામાં આવ્યા છે પ્રદેશ પ્રમુખ સહિતના અગ્રણી નેતાઓની બાદબાકી કરાઈ છે. ગુજરાત કોંગ્રેસમાં જૂથવાદ ચરમસીમાએ હોવાની વ્યાપક ફરિયાદ રાહુલ ગાંધીને પણ ગુજરાત મુલાકાત દરમિયાન કરવામાં આવી હતી. પ્રદેશ કોંગ્રેસના મોવડીઓ અને અગ્રણીઓ આંતરીક જૂથબંધી પર ઢાંકપિછોડો કરવાના પ્રયાસો કરી રહ્યા છે, પરંતુ આંતરિક કલહ કોઈને કોઈ કાર્યક્રમમાં ડોકિયું કરી લે છે. આણંદ જિલ્લાના સ્નેહમિલન કાર્યક્રમમાં પણ જૂથબંધી સપાટી પર આવી હોવાનું કોંગ્રેસના અંતરંગ સુત્રો પાસેથી જાણવા મળ્યું હતું મંગળવારે આણંદ જિલ્લા કોંગ્રેસ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકીની હાજરીમાં યોજાનારા કાર્યક્રમ માટે જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓએ આમંત્રણ પત્રિકા પણ છપાવી છે. ભરતસિંહ સોલંકીનો જન્મ દિવસ પણ હોવાથી બંને કાર્યક્રમ એક દિવસે જ ઉજવવા માટે છપાવાયેલી પત્રિકાઓમાં પ્રદેશનેતાઓ ભૂલાયા હોવાનું સુત્રોએ કહ્યું હતું. પત્રિકામાં સમારંભના પ્રમુખ શંકરસિંહ વાઘેલા અને સમારંભના ઉદઘાટક દિનશા પટેલના નામ મુકવામાં આવ્યા છે. ઉપરાંત, જિલ્લાના ધારાસભ્યો અને અગ્રણીઓના નામ છે, પણ આમંત્રણ પત્રિકામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ સહિતના અગ્રણી અને ટોચના નેતાઓનાં નામ બાકાત રખાતાં કોંગ્રેસમાં ફરી જૂથબંધી સપાટી પર આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## શબ્દાવલી - ૫૨૩૯



### આડી ચાવી

૧. હાહાકાર, આતંક (૪)
૫. થી ભરપૂર (૩)
૮. ટટળવું (૫)
૯. મોં ના લકવાના કારણે દર્દીને બોલવામાં... વળે (૨)
૧૦. ‘દામ’ શબ્દ ઊંધો (૨)
૧૨. વાંદરો, મર્કટ (૩)
૧૩. સૂક્ષ્મ (૩)
૧૫. હરસનું દરદ (૨)
૧૬. એક જ્ઞાતિ, રબારી
૧૭. ઈશ્વર, ભગવાન (૩)
૧૯. ગારૂડી, સાપનો ખેલ બતાવનાર (૩)
૨૦. એક રૂપિયો ને પચ્ચીસ પૈસા એટલે.... રૂપિયો થાય (૩)
૨૨. ભભકો, સુંદર દેખાવ (૩)
૨૩. મનની મરજી, અધિકાર સત્તા (૪)

### ઊભી ચાવી

૧. હવાલેદાર (૪)
૨. ખેતર ખેડવા... વપરાય (૨)
૩. ફરિયાદ (૨)
૪. જડવું, મિલન થવું (૩)
૬. ભલુ કરવાની વૃત્તિ (૬)
૭. કણી-કણીવાળું, રવા જેવું (૪)
૧૧. પરિવાર સંબંધી (૫)
૧૨. ડાબુ, ...કુક્ષી (૨)
૧૩. જેમાં માલ ભર્યો હોય તે ખાલી બાંધણ કે પાત્ર (૪)
૧૪. કમર (૨)
૧૬. ભ્રમર (૩)
૧૮. ધીરનાર કરનાર પેઢી (૩)
૨૦. સાજુ..., રીપેર કરેલું (૨)
૨૧. વર્ણ, રંગ (૨)

### શબ્દાવલી ૫૨૩૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) અપરમા (૫) નિકાહ (૭) રૂસવાઈ (૮) નકદ (૧૦) આશા (૧૧) ફરાસ (૧૨) યસ (૧૪) બાન (૧૫) રોબો (૧૭) લાપોટા (૨૦) ચમક (૨૧) રાધા (૨૨) પીતળ (૨૩) માણસાઈ

**ઊભી ચાવી :-** (૧) અરૂણોદય (૨) પસ (૩) રવાનગી (૪) માઈક (૫) નિમ (૬) હતાશા (૯) દફન (૧૦) આસરો (૧૩) સલામત (૧૪) બાટા (૧૬) બોનસાઈ (૧૮) પોકળ (૧૯) એંધાણ (૨૦) ચપી (૨૧) રામા

# આરોગ્ય મંત્રીના અધ્યક્ષ સ્થાને માર્ગદર્શન સમિતિની બેઠક થઈ

## રાજ્યમાં ૧૬ જાન્યુઆરી ૨૦૧૪ સુધી શાળા આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવાનો બેઠકમાં નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા.૨૬

રાજ્યાં ૦ થી ૧૮ વર્ષના બાળકોને વિનામુલ્યે આરોગ્યલક્ષી સેવાઓ આપતો શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૩-૧૪ને સફળ બનાવવા આરોગ્ય મંત્રી નીતિન પટેલના અધ્યક્ષસ્થાને આજે ગાંધીનગર ખાતે માર્ગદર્શન સમિતિની બેઠક યોજાઈ. બેઠકમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા તેમજ અઅદિજાતિ વિકાસ મંત્રી ગણપતભાઈ વસાવાએ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે શાળા આરોગ્ય કાર્યક્રમમાં નવી સુપર સ્પેશ્યાલીસ્ટ સારવારમાં કોક્લીયર ઈમ્પ્લાન્ટ, લીવર ટ્રાન્સપ્લાન્ટ અને કલબ ફુટનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કાનની બહેરાશ દૂર કરતી નવી કોક્લીયર ઈમ્પ્લાન્ટ સારવાર બાળકો માટે ખુબ જ મદદરૂપ સાબીત થઈ છે. કોકલીયર ઈમ્પ્લાન્ટની સારવાર માટે અંદાજીત રૂા. ૫,૩૫,૦૦૦ જેટલી રકમ ખર્ચ કરવામાં આવે છે. જેની સફળ સારવાર સિવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨૦ જેટલા બાળકોને આ સારવારનો લાભ આપવામાં આવ્યો છે. રાજ્યમાં આવેલી તમામ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે મદ્રેસાઓ, આશ્રમ શાળાઓ, સંસ્કૃત પાઠશાળાઓ, ખાનગી શાળા તેમજ ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ શાળાઓ સહિતની શાળાઓને શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત સાંકળી લેવાની સૂચનો કરવામાં આવ્યા હતા.

વધુમા ૨૨ નવેમ્બરથી ૧૬ જાન્યુઆરી દરમિયાન આયોજિત શાળા આરોગ્ય કાર્યક્રમએ રાજ્યની ભાવિ પેઢીને તંદુરસ્ત બનાવવાનો ગુજરાત સરકારનો ભગીરથ પ્રયાસ છે. જેમાં બાળકોની આરોગ્ય તપાસ અને સારવારની સાથે સાથે બાળકોના આરોગ્ય પર અશર કરતા ગ્રામ સફાઈ, પીવાના પાણીના સ્ત્રોતની સપાઈ, પોષણદિન, દાદા-દાદી મીટીંગ તેમજ શાળામાં હેલ્થ મોનિટરને આરોગ્યના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પ્રસ્થાપિત કરવા જેવી આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ડિપોઝીટોમાં વિક્રમી ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફાઈનાન્સીયલ ઈન્કલુઝન પ્રોગ્રામ અંતર્ગત સમીક્ષા કરતાં તેમણે બેંકોને આડે હાથ લેતાં જણાવ્યું હતું કે બે હજાર કરતાં ઓછી વસ્તી ધરાવતા ગામોમાં બેંકોએ અત્યાર સુધીમાં ૧૨૦ ગામોમાંથી માત્ર ૪ જ શાખાઓ ખોલી છે અને ૫૨ ગામોમાં માત્ર બિઝનેસ સેન્ટર શરૂ કર્યા છે. આ મુદ્દે તેઓ અલગથી સમીક્ષા બેઠક બોલાવવાના છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈનનું પણ જે પાલન થઈ રહ્યું નથી તે યોગ્ય નથી. તેમણે જણાવ્યું કે માત્ર બીઝનેશ પ્રતિનિધિ મુકીને બેંકો દ્વારા ચલકચલાણુ કરવામાં આવે છે તે વ્યાજબી નથી.

જિલ્લા કલેક્ટરશ્રીએ કિસાન ક્રેડીટ કાર્ડને એટીએમમાં કન્વર્ટ કરવામાં પણ જે ધીમી ગતિએ કામગીરી ચાલી રહી છે તે માટે નારાજગી વ્યક્ત કરી હતી. જિલ્લામાં ૮૫ હજારથી વધુ કિસાન ક્રેડીટ કાર્ડ આપવામાં આવ્યા છે પણ એટીએમ કન્વર્ઝન માત્ર ૪ હજાર જેટલાનું જ થયું છે જે અત્યંત નબળી કામગીરી લેખી શકાય. બેંકોએ આ કામગીરીમાં ગતિ લાવવી જરૂરી છે.

તેમણે બેંકોને તેમની સેવાઓની ગુણવત્તા સુધારણા પર ભાર મુક્યો હતો. ખાનગી બેંકો દ્વારા પણ માત્ર ડિપોઝીટ્સમાં વધુ રસ દાખવવામાં આવે છે અને ધિરાણમાં જે ઉદાસીનતા દાખવવામાં આવે છે તેની સામે નારાજગી વ્યક્ત કરી હતી. આજે મળેલ આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેકવાન, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન દેવાંગન, રિઝર્વ બેંકના શ્રી ગુરૂનામી, નાબાર્ડના શ્રી ડૉ. વિનોદ વિદ્યાર્થી, એમ.એસ.આઈ.ના ડૉ. સોલંકી, સ્ટેટ બેંકના ચીફ જનરલ મેનેજર, બેંક ઓફ બરોડાના જનરલ મેનેજર, દેના બેંકના રિજીયોનલ મેનેજર શ્રી શાહ, લીડબેંકના શ્રી અનિલભાઈ પુરોહિત, વિવિધ બેંકોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિકાસ કામો માટે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મિલ્કત વેરાની વસુલીનો મુદ્દો અને ગ્રામ વિસ્તારના બિલોનો મુદ્દો પણ ચમક્યો હતો. આ મુદ્દો ઉગ્ર બને તે પૂર્વે જ ચેરમેન શ્રી આશિષ દવેએ અધિકારીઓને મિલ્કતવેરાની વસુલી અંગેની વિગતો સાથે આવતી બેઠકમાં તે રજુ કરવા અંગેની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

આજની બેઠકમાં તંત્રના અધિકારીઓએ ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટના અમલીકરણમાં થયેલી પ્રગતિનો અહેવાલ રજુ કરી સફાઈના મુદ્દે ચૂંટાયેલી પાંખને ઠંડી પાડવાનો પ્રયાસ કર્યો હતો. મળતી વિગતો મુજબ આગામી એક-બે મહિનામાં આ અંગેના અમલીકરણનો સંપૂર્ણ તખ્તો તૈયાર થઈ જશે તેવી હૈયાધારણ આપી હતી.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**
**ટેન્ડર નોટીસ નં. ૪૧ - /૨૦૧૩-૧૪ (બીજો પ્રયત્ન)**

ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, અર્બન સેલ, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર (આઈડી નં. ૧૩૦૧૦૮) પોરબંદર જીલ્લાના રાણાવાવ શહેરની પાણી પુરવઠા યોજના માટે ટેન્ડરો અંદાજીત કિંમત રૂ. ૩૯૦૦.૯૯ લાખ માટે ઓનલાઈન માંગવામાં આવેલ છે. તા. ૨૨/૧૧/૨૦૧૩ પછી ટેન્ડરો ડાઉનલોડ કરી શકાશે. પરંતુ ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ - ૨૩/૧૨/૨૦૧૩, ૧૮.૦૦ કલાક સુધી છે. પ્રી-બીડ કોન્ફરન્સની તા. ૨/૧૨/૨૦૧૩, ૧૫-૦૦ કલાકે રાખેલ છે. વધુ વિગતો નીચે મુજબની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. http://www.nprocure.com & http:www.gwssb.org

માહિતી/૧૭૨૨/૧૩-૧૪

## જાહેરનામું પ્રસિદ્ધ..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિક મુખ્ય સચિવ કે.સી. કપુર સભ્ય તરીકે રહેશે. કમિશન ઓફ ઈન્કવાયરી એક્ટ ૧૯૫૨ અન્વયે નિમાયેલું આ તપાસ પંચ સમગ્ર ઘટનાની તપાસ કરી ત્રણ માસમાં તેનો અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરશે.

રાજ્ય સરકાર દ્વારા ગઈકાલે રચવામાં આવેલ તપાસ પંચ અંગે આજે વિધિવત રીતે કાયદા વિભાગ દ્વારા આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. જાહેરનામું પ્રસિદ્ધ થતાં હવે આ તપાસ પંચ તેને સોંપવામાં આવેલી તપાસ અંગેની કાર્યવાહી શરૂ કરી શકશે.

**ઓનલાઈન જાહેર નિવિદા નં-૭ સને ૨૦૧૩-૧૪**
**નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના પેટા વિ-નં-૨૪**
**સેક્ટર-૧૬, ગાંધીનગર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબ કામો માટે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, પાટનગર યોજના પેટા વિભાગ નં.-૨૪, ‘બી’ બ્લોક, પ્રથમ માળ, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર. પીન-૩૮૨૦૧૬ ફોન - ૨૩૨૫૯૨૬૨, ૨૩૨૫૯૨૬૩ની કચેરી દ્વારા ઓનલાઈન ટેન્ડર ગાંધીનગર ખાતે ડ્રાઈવર કંડક્ટર પુરા પાડવાનું કામ તથા પોલીટેકનીક બિલ્ડીંગમાં કલર કામ (પેઈન્ટીંગ ઓનવોલ સર્ફેસ) કુલ-૨ કામ જેની અંદાજીત કિંમત રૂ. ૧.૩૦ લાખથી ૧.૮૭ સુધીની જેની માટે ફક્ત ગાંધીનગર જિલ્લમાં નોંધાયેલ ‘ઈ-૨’ વર્ગની તથા તેની ઉપરની મ.કા.સ.મં.લી. પાસેથી અંદાજીત ભાવની મર્યાદામાં ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે. જે અમારી વેબસાઈટ wwww.rnb.nprocure.com ઉપરથી તા. ૨૫/૧૧/૧૩થી તા. ૪/૧૨/૧૩ સુધી જોવા મળી શકશે. તેમજ ડાઉનલોડ કરી શકાશે. ત્યારબાદ તા. ૫/૧૨/૧૩ના રોજ ટેન્ડર અત્રેની કચેરમાં ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. તેમજ તા. ૫/૧૨/૧૩ થી તા. ૧૧/૧૨/૧૩ના રોજ અસલમાં ટેન્ડર ફી તથા બાનાની રકમ, સોલવંશી સર્ટીફિકેટ, પાન કાર્ડની નકલ તથા અન્ય જરૂરી દસ્તાવેજો આર.પી.એ.ડી.થી અત્રેની કચેરીના સરનામે મોકલી આપવાના રહેશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૧૭૧૯/૧૩-૧૪